પટવારી વ્રજલાલ વૃંદાવનદાસ સ્મારક સાંપ્રદાયિક ગ્રંથમાળા

ગ્રંથ રત્ન ૩.

गोस्वामि श्रीपुरुषोत्तमजी विरचित

भेदाभेदस्वरूपनिर्णयः

મૂળ

તથા

વે. શા. સં. શાસ્ત્રી મોહનલાલ કાશીરામના

હાથથી લખાએલી

ગુજરાતી ટીકા સાથે

છપાવી પ્રસિદ્ધ કરનાર

પટવારી રણછોડલાલ વૃંદાવનદાસ,

બી. એ. એલ. એલ. બી.

ગોંડલ સ્ટેટના દિવાન.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

વલ્લભાબ્દ ૪૩૪ સંવત ૧૯૬૯.

સત્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસના શા. પ્રેમચંદ નહાલચંદ તથા

શા. ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપ્યું.

ઠે. ખાડીયામાં—અમદાવાદ

ન્યોછાવર ૨ આના.

गोस्वामिश्रीपुरुषोत्तमजीकृत

भक्ताभेदस्वरूपनिर्णयः

॥ श्रीगोपीजनवल्लभायनमः ॥

॥ ब्रह्माभेदोपसनाज्ञानतोवाब्रह्मात्मैक्येप्यंशतामत्यजंतः । यस्यैश्वर्यादासतेयन्नियम्यास्तं श्रीकृष्णंदेवदेवं नमामि ॥ १ ॥

ननु ब्रह्मात्मैक्यस्य भेदात्यंताभावरूपत्व दंशत्वात्यागो भगवन्नियम्यत्वंचयदुक्तंतत्कथमितिचेत्उच्यते । ब्रह्मात्मैक्येप्यभेदोस्यकिंभेदसहनक्षमःकिंवातदक्षमःश्रुत्या सिद्धयत्येतद्विचार्यताम् ॥

॥ अत्रा तदक्षमइति ॥

कुतः अद्वैतश्रुत्याशुद्धस्याभेदस्यैवबोधना । ....त्याः समृत्युमाप्नोतियइहनानेवपश्यतीतिनानात्वदर्शनेऽनिष्टश्रावणाच्च-सिद्धेब्रह्मणोऽद्वितीयत्वेभेदस्याशक्यवचनत्वात् । नचननात्वंनभेदः किंतुसंख्येतिशंक्यं । बहुस्यांमेतिश्रुत्यातस्याभगवदिच्छागोचर-

त्वेन नेदान ्त्वात् । स्यामि तिक्रियेयैकत्व वैशिष्टस्या ं
प ब्राधितस्यक ्त्वश्रावणेनतस्या कत्वानिश्चयात्-
यात् न चैवमे ्त्वबहुत्वये विरोधेए ्त्वेनेवबहुत्वकार्य
संभवात्वैयर्थ्यमिति शंक्यंअनयैवश्रुत्यैकत्वेनबहुत्व-
कार्यासंभवस्य नेश्चयात् ॥

॥ अन्यथातद्वैयर्थ्यापत्तेः ॥

नचभे ं विनानान त्वासंभवात्तस्यापीच्छागोचरत्व-
मितिशंक्यंयदाह्येवैष एतस्मिन्नुदरमंतरं कुरुतेअथतस्यभयं
भवतीति श्रुत्याभेदरूपेभेददर्शनेनिंदाश्रावणेनतस्येच्छा-
विरुद्धत्वनिश्चयात् अन्यथाभेदनिंदाश्रुतिवैयर्थ्यापत्तेः ॥

तस्माद्भेदस्यसर्वथाऽभेदविरुद्धत्वात् सृष्टिदशायामेवा
भे स्य ेदसहिष्णुत्वमितिन ुक्तिदशायांतथ त्वमतस्त -
ानांजीवब्रह्मणोर्भेदाभावरूपएवाभेदः ॥

सचोभयोर्विरुद्धधर्मस ंभ वेसर्वथान संभवतीति
भागत्यागलक्षणयाजीवब्रह्मणोर्धर्मान्निरस्यकेवलंस्वरूपेणै-
वसिद्धचर्ती त्यद ः पक्षः ॥

यद्वा एकमेवाद्वितीयमित्यादि श्रुतौद्वितीयानिषेधे-
नप्र तिपाद्यमानमकत्वमभेदएव यवस्य तिदेव सृष्टेः र्वं
दशा यामव—सृष्टिदशायां आत्मावारेश्रोतव्य त्यादौजी-
व- ह्मणाः श्रवणादिकर्तृकर्म त्वबोधनाद्भेद एव अत-

एवाधकं भेद निर्देशादित्यत्र सिचरणैर्भेदः प्रतिपादि-
तःएवंजगते पिभेदए बहुस्यामितिश्रुतौइद सर्वममृ-
जतेत्यनेन ज्यमृष्ट्रभावश्रावणात्सचयावत्मृष्टिःसत्यःय-
त वत्तत्वमसिअयमात्मा ब्रह्मेत्यादौ जगतो ब्रह्मत्वश्राव-
णंतत्तुतद्गुणसारत्वात्तद्व्यपदेश इतित्रातत्जला
नि ति श्रुत्युक्तयुक्तेश्चौपकारिकः भोगादिव्यवस्थयाका-
र्याणांपरस्परवैलक्षण्यप्रमय च भेदस्यैवनिश्चायनात्अन्य-
थाश्रे इत्यादिसाधनबोधकश्रुतिविरोधेनमुक्त्युच्छेद
प्रसंग त् एवंजगतोपिकार्यत्वबाधप्रसंग चतस्मा ष्टि-
दशायामभेदऔपचारिकएव ॥

एवमनुछित्तिधर्माइत्यनेनश्रावितंधर्माणांनित्यत्व
मपि वामरन्यायेनयावत्मृष्टिःस्वरतीच्छायांप्रलये जी-
व नांसर्वेषालीनत्वेन श्रोतॄणामभावेश्रोतव्यत्वस्येवजग-
ल्लयेजगत्कर्तृत्वस्यापितिरोधानात्एवमन्येषामपिबोध्यंए-
वंरमण॥ लीलान मपितथात्वंसवैनैवरेमेइति त्यासृ-
ष्ट्यं रभ लेरमण भावश्रावणात् ॥

वम नित्यत्वेसर्वेषां सिद्धे लय शायां वलं
नेवाद्वितियमितिश्रुति ॥

तथाजीवस्य क्तिदशायाअ भावाद् वलंसिद्धच-
तितथाचाभेदप्र तियो गिनाजीवानांजगतश्चल ल-

यदशायांच निवृत्तभेदे ब्रह्मएवाभेदःपर्य- स्यतीतिप्रासे उच्यते ॥

भेदसहनक्षमइतिकुतः सत्कार्यवादस्यैवश्रौतत्वनत्पत्तिपूर्वदशायामपिसर्वसत्वात् ॥

॥ तथाहि ॥

सदेवसौम्येदमग्रआसीदितिश्रुत्याइदमापरोक्षवर्त्तिनं प्रपंचं निर्दिश्यपूर्वकालेतस्यसद्रूपतामुक्त्वासतोब्रह्मरूपत्वं जगत्कारणत्वंच बोधयित्वातस्याद्वितीयत्वंचोक्त्वाततस्त द्वैकआहुरित्यादिना असत्कार्यवादमाशंक्यकुतस्तुखलु सोम्यैवंस्यादित्यादिनातन्निषेधतिएवंसति आकारकार्यत्वप्रभृतयोधर्माः यदि ब्रह्मणिपूर्वंनस्युस्तदाऽसत्कार्यनिरासिका सत्कार्यबोधिकाचश्रुतिःपीड्येतयदिकार्याणांभिन्न तया स्थितिःस्यात्तदाऽद्वैतश्रुतिःपीड्येतअतोह्युभयसामंज स्यार्थंतत्तद्धर्मादिविशिष्टमेकमेवब्रह्मकारणमितिमंतव्यं । तथा सति यथेदानींकार्याणांतत्तद्धर्माणांतदाकाराणांच परस्परभेदःकारणेनसहचाभेदः कार्यत्वादिरूपेणभेदश्च लोकेकटककुंडलसुवर्णप्रभृतीनांदृश्यतेतथाब्रह्मजगतोरपि मंतव्यः ॥

एवमंशांशिनोर्जीवब्रह्मणोरपि सुवर्णशकलसुवर्णयोरिव भेदाभेदौमंतव्यौ । नचैवंसतिसर्वस्यसत्वाद्बहुभ-

वनव्युच्चरणश्रुत्योर्विरोधः शंक्यःप्र कृत्यबहिर्भावाभ्यामे-
वतदुपपत्तेः । अन्यथाऽव्याकृतिश्रुतिविरोधापत्तेः ।
पुरुषविधब्राह्मणे हिसृष्टिमुक्त्वाग्रेतद्धेदंतर्ह्यव्याकृतमासी
त्तन्नामरूपाभ्यामेव व्याक्रियतेऽसौनामायमिदंरूप
इति । अत्रहिनामरूपव्याकरणेलौकिकमेवोदाहरणंत-
त्साधनायाहलोकेहि सिद्धमेववस्तुनामरूपाभ्यांव्या-
क्रियतेइतिसृष्टिपूर्वदशायामपितस्यसिद्धत्वमेव व्यक्तीभ-
वतीतिनासत्कार्यवादःप्रामाणिकः तृतीयस्कंधेचविश्वंवै
ब्रह्मतन्मात्रं संस्थितंविष्णुमाययायथेदानींतथाचाग्रेपश्चा-
दप्येतदीदृशमिति कालत्रयेयएकरूपामेवसर्वस्यस्थितिमा-
ह । इदमेवाविरोधाध्याये असद्व्यपदेशाधिकरणेव्यास
पादैरपिव्युत्पादितम्-असद्वाइदमग्रआसिदितिश्रुतौ सृष्टि
पूर्वदशायांयः जगतअसत्त्वव्यपदेशः सोऽव्याकृतत्वेन
धर्मांतरेणविद्यमानत्वेपि व्याकृतत्वेनाविद्यमानत्वातत्-
त्मानंस्वयमकुरुतेतिवाक्यशेषेणतथावगमात्-इदमिति
पदप्रयोगादासीदितिप्रयोगाच्चअन्यथातद्विरोधापत्तेःनि-
त्यस्यसमवायस्यसंबंधस्यद्विनिष्ठत्वेनकार्याभावेतदभावा
पत्तेस्तन्नित्यताहानेश्च ॥

असंबद्धोत्पत्तौजगत्दृष्टंतेनघटादीनामपिकार्याणं
निरवधिकत्वहानेश्च । नचयत्रप्रागभावस्तद्वका-

ततः कारण दुत्पद्यतइतिनियमान्नानियताव धिकत्वभंग तिवाच्यं ॥

कारणावस्थातिरिक्तस्यप्रागभावस्यैववक्तु मशक्य त्वात् ॥

कपालावस्थांपश्यतएवइहकपालेघटो भा ष्यतीति प्रत्ययेतत थानिश्चयात् । तदवस्थाव्यंग्यस्य तदतिरिक्त स्यप्रागभावस्यां किारेगौरवाच्च ॥

नचोत्पत्तेः पूर्वंकार्यस्यसत्वेकर्तृव्यापारबाधप्रसक्ति रितिशंक्यं कार्याभिव्यंजनार्थतयासार्थक्यात्संवेष्टि तपटप्रसारणादौतथानिश्चयात्नचैवमनुद्भूतसत्तांगी- कारेउ दृश्यप्रेतादिजनितदुःखवत ततः क चेदर्थक्रिया पत्तिरितिशंक्यं अनुद्भूतगंधरूपादौव्यभिचारा योगे- नप्राणादिनियमनेजीवनमात्रस्यनियमनत्यागेआकुंच- नादि ... चदर्शनेनानुद्भूतदशायामर्थक्रिया ... रित्वाभावस्योद्भू दशायांचार्थक्रियाकारित्वस्यदर्शनेन- त... निश्चयादिति । एवंस्थितेसत्कार्यवादेसृष्टिदशायाम पिज ... वयोः सत्वादेकमेवाद्वितीयं ब्रह्मेत्याद् क्तोऽभेद- स्त भिन्नतयाजगज्जीवप्रतीत्यभावेप वस्यन्भेदस ... क्ष- मेवाभेदंसाधयतीतिसृ ष्टिदशायांजगद्ब्रह्मणोः कार्य- ... रणभावाज्जगज्जीवयोरंशांशिभावाच्चौपचारिको भव-

न्नापिनव स्तवाभेदंनिहंति । तेनेदानीमपिभेदसहिष्णु-
रेवाभेदः ॥

एवंसतिनानात्वभेददर्शनयोर्भेदनिंदा श्रवणमप्य
भेदविरुद्धभेददर्शनएवपर्यवस्यतीतिबोध्यं । यएषएत-
स्मिन्नुदरमंतरंकुरुतइतिश्रुतौकुरुतइतिपदेनाक्रियारब्धस्यैव
निंदना—आरंभस्यचसतः ॥

सत्तायामेवपर्यवसानात्—अभेदविरुद्धएवक्रियमा-
णेभेदएवपर्यवस्यतीत्यभेदा विरुद्धभेददर्शनेतुननिंदत्व-
लेशोपीतिबोध्यं ॥

एवंचपरममुक्तिदशायामपि—यथोदकं शुद्धंशुद्धे
निषिक्तंतादृगेवभवति एवंमुनेर्विजानत आत्माभवति-
गौतमेतिकाठकश्रुत्याआत्मनः ब्रह्मसाम्यश्रावणाद्भेन्न
प्रतीत्यभावरूपएवाभेदोनतुभेदाभावरूपइतिसिद्ध्यति ॥

अतएवमैत्रेयीब्राह्मणेयत्रत्वस्यसर्वमात्मैवाभूत्केनकं
पश्येदित्यादिनायदितराज्ञानश्रावणंतदपिद्वैतदृष्टि निवृ-
त्तावेवपर्यवस्यतिनतुद्वैताभावे ॥

एतत्रयद्वैतन्नपश्यतिपश्यन्वैतद्द्रष्टव्यंन पश्यति-
नहिद्रष्टुर्दृष्टेर्विप रिलोपोविद्यतेऽविनाशित्वान्नतद्वितीय-
मस्तिततोन्यद्विभक्तंयत्पश्येदित्यादिभिरन्यदर्शने पश्यत

वादर्शनस्य द्वितीयत्वाभवस्याविभागाभवस्यान्यत्वाभावस्यैवहेतुतयाश्रावणेनतथानिश्चयात् ॥

अग्रेचयत्रेव अन्यदिवस्यादित्यादिना वैलक्षण्य-कमन्यदर्शनमनूद्यतत्वस्यसर्वमात्मेवाभूदित्यादिना स्वरूपदृष्टृविभागेनावेज्ञतारंविज्ञानेनतं नविजानीयादित्येनज्ञानकरणाभावेहेतुत्व-प्रतिपत्यतोपितथानिश्चयात् ॥

अन्यथा सर्वब्राह्मणमैत्रेयीमोहनिवृत्त्यापुनर्द्वितीयब्राह्मणंनवदेत्तस्तत्रयः संदिग्धोर्थस्तन्निश्चयनार्थमेव द्वितीयब्राह्मण मितिभेददर्शनाभवरूपवाभेदोनतुभेदाभावरूपमितिभेदसाहिष्णरेवाभेदः यत्तुबहुस्यामितिश्रुतौसृष्ट्यारंभेएकस्यबहुत्वश्रावणात्पूर्वं जगदाद्यभाव एवश्रुत्यभिमतः । नतुकार्यस्यापिसत्वंतथासतीदंसर्वमसृजतेतिश्रुतिविरोधापत्तेः अतःसृष्टेःपूर्वमसत्त्वादभेदविरोध्येवसत्त्वाद्वैनाशिकमतमेवसाधीयः । इदं—तद्धैकआहुरसदेवेदमग्रआसीदित्यादिनानूद्यकुतः खलुसौम्यैवंस्यादितिश्रुत्यैवतन्निषेधात् । नचतत्रकारणसत्तायाएव निषेधोनतुकार्यसत्तायाः कथमसतः सज्जायतेतिश्रुत्या तथानिश्चयादितिवाच्यं पूर्वंकार्यस्यासत्वेतद्धेदंतर्ह्यव्याकृतमासीदितिविरोधापत्तेःअत्रतर्हीत्यनेनसृष्टिपूर्वकालंलक्षीकृत्यइदमानेर्दिष्टस्य जगतस्तदानीमव्याकृतत्वंवदति॥

यद्यसत्वम।भिप्रेयादिदम।न्ति।दर्शेत्—अव्याकृतत्वमपिनवदेत्—स्वरूपस्यैवाभावा। —अतोब।स्यामित्यत्रापिबहुत्वादेरव्याकृतस्यस्यामित्यनेन व्या।तत्वमेवोच्यतेनत्वसतः सत्तासृजनमपिनामरूपव्याकरणमेव—अन्यथाप्र।गेवसृष्टिदशायामपिव्यवहाराभावप्रसंगात्- एवं सिद्धेसर्व।सत्वेद्वैतश्रुत्यविरोधायतद।न।मपिपर परभाव घटित।ए।ब्रह्म।नरूपेणैवाविरोधइद।नी।मे।तिमंतव्यः । एतावान्परंविशेषः यदिदानीमविद्यावलिप्तालप।च्छत्वा न्नप्रतीयतेतदानींतुकरणग्रामलयादिति । एवं परममुक्तावपिपरापरभावघटितोभेदमहनक्षमएवाभेदः ब्रह्मस्वरूपस्यैवतथात्वात् । अत एवदशमस्कंधेयत्र भगवता श्रीवसुदेवं प्रत्यखंडब्रह्मज्ञानोपदशः कृतस्तत्रव।देवोक्तमंगीकृत्य अहंयूयमसावयाइत्यनेनसर्वेषांतथात्वमुक्त्वाब्रह्मांडानंत।मारोपित।नदृष्टिं च निवारयितुंआत्माह्येकः स्वयंज्योतिरित्यनेनसर्व।आत्मैक्यंनानात्वदृष्टेश्चोपाधिकत्वेनभ्रांतत्वं ।।।खंवायुज्योतिरापो।।रि ति।।।।।दिपंचभूतदृष्टं तेननानात्वस्यवास्तवत्व।पाधिव्यंग्यत्वंचगदतिअन्यथापूर्वं श्लोक एवनाना।दृष्टेर्गुणोपाधिकत्वेन भ्रांतत्वेबोधितेततएव नानात्वस्यानिवृ।त्वात्खादिपंचमहाभूतदृष्टांतेन पुनर्ना-

नात्वप्राप्तिंनस्थापये· ते ऽखंडब्रह्मवादेप्यंशा॥· नानात्वस्य विद्यमानत्व त्पर परभावादिभेदसाहिष्णुरेवाभेदोभगवदभिमत· तिबोध्यं । किंच· दंसर्वंयदयमात्मेत्यंतेनसर्वस्य ब्रह्मत्वे बोधि तकथंसर्वं चब्रह्मत्वमित्याकांक्षायादुंदुभ्यादि दृष्टं तरवं तरशब्दाग्र ·णंदुंदुभ्यादिशब्दग्रहणेनैवावांतर सर्वशब्दग्र ·णवदात्मग्रहणेनैवतदभिन्नावांतरसर्वग्र ·णं अग्निधूमदृष्टांतेन- ह्मणःसकाशाद्वेदादि सर्वोत्पत्तिंचोक्त्व सयथासर्वास मपांसमुद्रएकायनमित्यादिभिर्बहुभिदृष्टांतैःसर्वाध रत्वंनिरूपयाते यदिसृष्ट्यभावदशायांसर्वस्यै· ·रूपमवस्यात्तदादुंदुभिदृष्टांतादीन् स·ुक्त्वे·न्नानादृष्टांतान्नवदेत्—एकेनैवदुंदुभिशब्ददृष्टांतेनसर्वस· ब्रह्मरूपताया। ·केनैवसमुद्रदृष्टांतेनब्रह्मणःसर्वाधारतायाश्चासिद्धेःअतः सृष्ट्यभावदशायामपिन नात्व वि रुद्धमवस्व ·पैक्यंबो ·यति । पुनःसैंधवघनदृष्टांतेनसृष्टिदशायामपि नानात्वाविरु मेवस्व ·पैक्यं ॥

·वंवाअरइदंमहद्भूतमित्यादिनाप्रेत्यसंज्ञाभाव ·· वंसंज्ञानस्यैवबो ·नात्तच्चज्ञानंभेदाविरु संप· ·त्मकमभे· मेवबाधयतीतिप्रागुपपा· तमतो न कोपि संशयः एवंसतितद्गुणसारत्वादिति ब्रह्मांशे जीवेब्रह्मत्व व्यप ·शऔपचारिकः

सच [illegible] क्तावपितुल्यः । [illegible] वौक्तसत्क रणताब [illegible] सि-
[illegible] स्य भे [illegible] नपायादिति । एवंप्रलयदशायांजडस्यापि
बोध्यं । एवंब्रह्मणोनिरंशत्वेपिसांशत्वंविरु [illegible] धर्माश्रय-
त्वादुपपन्नम् ॥

॥ एवंजगतोब्रह्मत्वेपि [illegible] र्यत्वमपि [illegible] तेसर्वंसुस्थं ॥

॥ इतिश्रीमद्वल्लभनंदनचरणदासदा [illegible] बिरननुज [illegible] रुषोतमे-
नकृतोऽवतारवादावल्यांभेदाभेदस्वरूपनिर्णयोनामषष्ठोवादः संपूर्णता-
मगात् ॥ ॥श्रीवल्लभोजयति ॥ ॥ ॥ ॥

ઉપોદ્ઘાત.

જગત્, તદંતર્ગત જીવો અને જગત્કર્તાના સ્વરૂપને લોકો પ્રકૃત્યનુસાર ભિન્ન ભિન્ન પ્રકારે કહેછે; સાંખ્ય પાતંજલ વૈદકમતમાં પ્રપંચને પ્રકૃતિકાર્ય કહેવામાં આવે છે, કણાદ ગોતમ ને જૈમિનિ પ્રપંચને પરમાણુજન્ય માને છે; માયાવાદી વિવર્તરૂપ માને છે; આ પ્રકારે ઉપાદાન ભિન્ન ભિન્ન માને છે, તેમજ નિમિત્ત પણ ભિન્ન ભિન્ન માને છે, સાંખ્ય મતમાં સ્વભાવ નિમિત્ત છે, માયાવાદીના મતમાં વાસના નિમિત્ત છે; કણાદ ગોતમ અને જૈમિનિના મતમાં અદષ્ટ નિમિત્ત છે; આ બધા વાદીઓ ભ્રાંત છે. કેમકે શ્રુતિ-સૂત્રમાં આ જગતનું અભિન્નનિમિત્તોપાદાન કારણ બ્રહ્મ છે, **यतोवाइमानिभूतानिजायंते। तदात्मानंस्वयंकुरुत ॥ जन्माद्यस्ययत शास्त्र योनित्वात्। ततुसमन्वयात्** શ્રુતિસૂત્ર સ્ફુટ શબ્દ સ્વારસ્યથીજ અભિન્ન નિમિત્તોપાદાન કારણ બ્રહ્મ છે તેમ કહે છે, આ પ્રકારે છતાં **यथाप्रकृ[illegible]:सर्वेषांचित्रावाचोस्रवांतिवै** એ ન્યાયથી પ્રકૃતિ પરવશ પુરૂષો માદવાદમાં પડી જગત કાંઈ વસ્તુ નથી, તેમજ જીવથી બીજું અધિક વસ્તુ નથી, આ પ્રમાણે અભેદ સમજવો. એ તત્વજ્ઞાન છે; આવો બોધ કરી મનુષ્યને મોહ ઉત્પન્ન કરતા હતા. આ બોધ તથા ઉપર બતાવેલા મત ભક્તિમાર્ગમાં બાધક છે, તે બાધની નિવૃત્તિ કરવા દિગંતવિજયીશ્રીપુરુષોત્તમજી મહારાજે જીવનું સ્વરૂપ જગત્નું સ્વરૂપ તથા કર્તાનું સ્વરૂપ યથાર્થ સમજાવવા **भेदाभेदवाद** નામનો ગ્રંથ કર્યો. તેમાં **ममैवां[illegible]जीवलोके। अंशोनानाव्यपदेशात्। यथाऽग्नेक्षुद्राविस्फुलिंगाव्यु-[illegible]** ઈત્યાદિ ગીતાસૂત્ર તથા શ્રુતિ વાક્યથી જીવનું અંશાત્ત્વ સમર્થન કરેલું છે, તેમ બ્રહ્મનું કારણત્વ અને **अधिकंतुभेदनिर्देशात्** સૂત્રનિર્દિષ્ટ ભેદ અને **गतिसामान्यात** એ સૂત્ર નિર્દિષ્ટ અભેદ પ્રતિપાદન કરેલ છે, એટલે ભેદસહિષ્ણુ અભેદ ગ્રંથ વિષય હોવાથી ગ્રંથનું નામ ભેદાભેદવાદ છે, શ્રીઆચાર્યના ભાષ્યાદિ ગ્રંથોમાં સર્વ નિપુણતર પ્રતિપાદિત છે, તોપણ તે સૂક્ષ્મ હોવાથી અનાયાસે સમજવા ગ્રંથ કરણ સ્થાને છે. લી. મોહન કાશીરામ.

भेदाभेद स्वरूप निर्णय.

(ગુજરાતી ટીકા.)

**ब्रह्माभेदोपासनाज्ज्ञानतोवा ब्रह्मात्मैक्येप्यंशत मत्यजंतः
यस्यैश्वर्यादास्तेयन्नियम्यास्तं श्रीकृष्णंदेवदेवंनमामि ॥**

બ્રહ્મની અભેદ ઉપાસનાથી અથવા બ્રહ્મજ્ઞાનથી બ્રહ્મ અને જીવાત્માનું ઐકય છતાં અંશતાનો ત્યાગ કર્યા વિના જીવો જેના ઐશ્વર્યથી નિયમ્ય (વશ રહે) છે તે દેવના દેવ શ્રીકૃષ્ણને નમન કરૂં છું.

બ્રહ્મ ને જીવાત્માનું ઐકય ભેદના અત્યંત અભાવ રૂપ હોવાથી અંશત્વનો અત્યાગ અને ભગવત્ નિયમ્યત્વ જે કહ્યું તે કેમ સંભવે આવી શંકા વાદી કરે તેના ઉત્તરમાં કહેવામાં આવે છે.

બ્રહ્મ અને જીવાત્માનું ઐકય છતાં અભેદ ભેદસહનકરનાર છે કે ભેદસહનકરનાર નથી? શ્રુતિથી શું સિદ્ધ થાય છે તે વિચારો.

વાદી—અભેદ ભેદ સહન કરનાર નથી કેમકે અદ્વૈત શ્રુતિવડે શુદ્ધ અભેદનુંજ બોધન છે **मृत्योः स मृत्युमाप्नोतियइहनानात्वंपश्यति** એ શ્રુતિમાં નાનાત્વ દર્શનથી અનિષ્ટ (ખોટું ફલ) કહ્યું છે બ્રહ્મનું અદ્વિતીયત્વ સિદ્ધ થવાથી ભેદ કહી શકાતો નથી.

નાનાત્વ એટલે ભેદ નહી પણ સંખ્યા એ નાનાત્વકહેવાય તેમ પણ હોઇ શકે નહિં કેમકે **बहुस्यां** શ્રુતિથી સંખ્યાનું ગ્રહણ છે ને તે ભગવત્ ઇચ્છા વિષય સંખ્યા નિંદા યોગ્ય નથી **स्याम्** એ ક્રિયાવડે એકત્વ વશિષ્ટ (યુક્ત) **अहं** પદથી બોધિત ઇશ્વરનું કર્તાપણું સિદ્ધ થવાથી તે બહુત્વ સંખ્યા એકત્વથી અવિરૂદ્ધ નિશ્ચય થાય છે એકત્વ અને બહુત્વનો અવિરોધ હોવાથી એકત્વવડેજ બહુત્વનું કાર્ય સંભવી શકે તેથી બહુત્વનું વ્યર્થ છે એમ કહેવું યોગ્ય નથી **बहुस्यां** (એક હું બહુ થાઉ) એ શ્રુતિથીજ એકત્વથી બહુત્વ કાર્યના

અસંભવનો નિશ્ચય થાય છે એમ ન હોય તો બહુત્વશ્રુતિ વ્યર્થ થાય.

ભેદ વિના નાનાત્વનો અસંભવ હોવાથી ભેદ ભગવત્ ઇચ્છાથી છે એમ કહેવું યોગ્ય નથી કેમકે यदाह्येवैषएतस्मिन्नुदरमंतरंकुरुतेअथतस्यभयंभवति (જ્યારે આ મનુષ્ય આ જગતમાં જરા પણ ભેદ કરે છે ત્યારે તેને ભય થાય છે) આ શ્રુતિમાં જરા પણ ભેદથી ભય કહેલો છે માટે ભેદ ભગવત્ ઇચ્છા વિરૂદ્ધ નિશ્ચય થાય છે એમ ન હોય તો શ્રુતિમાં ભેદની નિંદા કરી છે તે શ્રુતિ વ્યર્થ થાય માટે ભેદ સર્વ પ્રકારે અભેદથી વિરૂદ્ધ હોવાને લીધે સૃષ્ટિ દશામાં અભેદનું ભેદ સહિષ્ણુત્વ (સહન શીલત્વ) છે પણ મુક્તિ દશામાં નથી તે વખતે બ્રહ્મ ને જીવનો અભેદ ભેદના અભાવરૂપ છે તે અભેદ બ્રહ્મને જીવના વિરૂદ્ધ ધર્મો વિદ્યમાન હોવાથી સર્વ પ્રકારે સંભવતો નથી તેથી ભાગત્યાગલક્ષણાવડે જીવ તથા બ્રહ્મના ધર્મોનો ત્યાગ કરી કેવલ સ્વરૂપથીજ અભેદ સિદ્ધ થાય છે આવો એક પક્ષ છે.

અથવા एकमेवाद्वितीयं (બ્રહ્મ એકજ અદ્વિતીય છે) એ શ્રુતિમાં દ્વિતીયનો નિષેધ હોવાથી પ્રતિપાદનકરેલું એકત્વ અભેદને વિષેજ પર્યવસાન (અંત) પામે છે તે અભેદ સૃષ્ટિની પૂર્વ દશામાંજ છે સૃષ્ટિદશામાં તો आत्मारेश्रोतव्यः (હે મૈત્રેયિ આત્મા (ભગવાન) શ્રવણ કરવા યોગ્ય છે) એ શ્રુતિમાં બ્રહ્મ શ્રવણ કરવા યોગ્ય અને જીવ શ્રવણ કરનાર હોવાથી ભેદ જ છે તેથી अधिकंतु भेदनिर्देशात् એ સૂત્રમાં વેદવ્યાસે ભેદ પ્રતિપાદન કરેલો છે તેમજ જગત્નો પણ बहुस्यांइदंसर्वमसृजत શ્રુતિથી સૃજ્ય (ઉત્પન્ન કરવા યોગ્ય) સૃષ્ટા (ઉત્પન્ન કરનાર) ભાવથી ભેદ છે અને તે સૃષ્ટિ પર્યંત સત્ય છે. સૃષ્ટિકાલ સુધી तत्त्वमसि अयमात्मा ब्रह्म । ઇત્યાદિ શ્રુતિમાં જગતનું બ્રહ્મત્વ પ્રતીત થાય છે તે तद्गुणसारत्वात्तद्व्यपदेशः એ સૂત્રથી તથા तज्जलान् શ્રુતિથી ઔપચારિક (મુખ ચંદ્રની પેઠે કેહેવા માત્ર)છે ભોગાદિ વ્યવસ્થાથી અને કાર્યોના પરસ્પર

વિલક્ષણ અનુભવથી ભેદનો નિશ્ચય થાય છે એમ ન હોય તો **શ્રોતવ્ય** ઈત્યાદિ સાધનબોધક શ્રુતિના વિરોધથીજ મુક્તિના ઉચ્છેદનો પ્રસંગ આવે તેમજ જગતના કાર્યત્વનો પણ બાધ આવે માટે સૃષ્ટિ દશામાં અભેદ ઔપચારિકજ છે તેમજ**अनुच्छित्तिधर्मा** એબૃહદારણ્યના વાકયમાં કહેલું ધર્મોનું નિત્યત્વ પણ દેવા અમર ન્યાયથી સૃષ્ટિ પર્યંત છે પ્રલયમાં સ્વસ્મરણ વખતે સર્વ જીવોનો લય થવાથી શ્રોતાના અભાવે શ્રોતવ્યનો પણ અભાવ છે તેમ જગતના લયથી કર્તાપણાનું પણ તિરોધાન છે એ પ્રકારે રમણાદિ લીલાનું તિરોધાન સમજવું **सर्वैनैवरेमे** એ શ્રુતિમાં સૃષ્ટિના આરંભ કાળમાં રમણનો અભાવ છે આ પ્રમાણે સર્વનું અનિત્યત્વ સિદ્ધ થવાથી પ્રલયકાળમાં કેવળ અદ્વિતીય બ્રહ્મજ સિદ્ધ થાય છે તેમ મુક્તિ દશાને વિષે જીવનો બ્રહ્મભાવ હોવાથી કેવળ બ્રહ્મજ સિદ્ધ થાય છે તેમ હોવાથી મુક્તિ દશામાં તથા પ્રલય દશામાં જગતને જીવોના લયને લીધે ભેદ નિવૃત્ત થવાથી કેવલ અભેદજ સિદ્ધ થાય છે આવી વાદી શંકા કરે તેના ઉત્તરમાં કેહેવામાં છે.

સિદ્ધાંતી—અભેદ ભેદ સહનશીલ છે કેમકે સત્કાર્યવાદજ શ્રૌત છે સૃષ્ટિ પૂર્વ દશામાં પણ સર્વનું સત્વ (વિદ્યમાનત્વ) છે. શ્રુતિથી તેમજ ઘટે છે **सदेवसौम्येदमग्रआसीत्** (હે સૌમ્ય આ નામરૂપાત્મક જગત પૂર્વે સદ્રૂપજ હતું) એ શ્રુતિમાં **इदं** શબ્દથી પુરોવર્તિ પ્રપંચ બતાવી પૂર્વકાલમાં તેની સદ્રૂપતા કહી સતનુ બ્રહ્મ રૂપત્વ તથા કારણત્વ બોધન કરી તેનું અદ્વિતીયત્વ કહ્યું છે ને ત્યાર પછી **तद्धेकआहुः** ઇત્યાદિ વાકયથી અસત્કાર્ય વાદની શંકા કરીને **कुतस्तुखलुसौम्यैवं स्यात्** (હે સોમ્ય એમ કેમ થાય એટલે અસત્‌થી સત્‌ કેમ ઉત્પન્ન થાય) ઇત્યાદિ વાકયથી અસત્કાર્યવાદનો નિષેધ કર્યો છે એ પ્રમાણે હોવાથી આકાર કાર્યત્વાદિ ધર્મો બ્રહ્મને વિષે પૂર્વે ન હોય તો અસત્કાર્ય નિરાસ કરનારી તથા સત્કાર્ય બોધન કરનારી શ્રુતિ પીડાપામે

અને જો કાર્યની ભિન્નતાથી સ્થિતિ હોય તો અદ્વૈત શ્રુતિ બાધિત થાય માટે બંને સિદ્ધ થવાને માટે તે તે ધર્મ વિશિષ્ટ એકજ બ્રહ્મ કારણ માનવું જોઇએ તેમ હોવાથી હાલમાં જેમ કાર્યો તેના ધર્મ તથા તેના આકારનો પરસ્પર ભેદ છે ને કારણની સાથે અભેદ છે તે લોકમાં કડાંકુંડલ સુવર્ણાદિકમાં દેખાય છે તેમ બ્રહ્મને જગતનો પણ ભેદ સમજવો તેમજ અંશને અંશી જીવ બ્રહ્મનો પણ સુવર્ણના કકડાને સુવર્ણની પેઠે સૃષ્ટિના પૂર્વકાલમાં સમજવો અને તેમ હોવાથી એટલે સર્વનું સત્વ હોવાથી બહુભવન અને વ્યુચ્ચરણ શ્રુતિનો વિરોધ આવે તેમ શંકા કરવી નહી કેમકે પ્રાકટય અને બહિર્ભાવથી તે બંને સંભવે છે તેમ ન હોય તો અવ્યાકૃત શ્રુતિનો વિરોધ આવે

બૃહદારણ્ય ઉપનિષત્‌ના પુરૂષવિધ બ્રાહ્મણમાં સૃષ્ટિ કહીને આગળ કહ્યું છે કે तद्धेदंतर्ह्यव्याकृतमासीत्तन्नामरूपाभ्यामेवव्याक्रियतेऽसौनामाऽयमिदंरूप (આ નામરૂપાત્મક જગત્ પૂર્વે અવ્યાકૃત (અપૃથક્) હતું તે નામરૂપથી પૃથક્ કરાય છે આ રૂપવાન અમુક નામનો છે તે પ્રમાણે લોકપ્રસિદ્ધ ઉદાહરણ આપ્યું છે. तदिदमप्येतर्ह्यपि नामरूपाभ्यामेवव्याक्रियते (હાલમાં પણ લોકમાં સિદ્ધ વસ્તુ નામરૂપથી પૃથક્ કરાય છે) માટે સૃષ્ટિની પૂર્વદશામાં પણ જગતનું વિદ્યમાનત્વ પ્રતીત થાય છે તેથી અસત્કાર્યવાદ પ્રમાણિક નથી विश्वंवैब्रह्मतन्मात्रं संस्थितं विष्णुमायया यथेदानीं तथाचाग्रे पश्चादप्येतदीदृशं (બ્રહ્મ સ્વરૂપ વિશ્વ વિષ્ણુની માયા શક્તિથી રહેલું છે તે જેવું હાલમાં છે તેવુજ સૃષ્ટિની પૂર્વે હતું પછી પણ તેવુંજ છે) એ પ્રમાણે ભાગવતના તૃતીય સ્કંધમાં સર્વની એકરૂપ સ્થિતિ કાલત્રયમાં કહી છે અને આજ પ્રમાણે વ્યાસે અવિરોધાધ્યાયમાં અસદ્વ્યપ દેશ અધિકરણમાં પ્રતિપાદન કરેલું છે असद्वाइदमग्रआसीत् એ શ્રુતિમાં જગતનો અસત્ નિર્દેશ કરેલો છે તે સૃષ્ટિની પૂર્વ દશામાં અવ્યાકૃત ધર્માંતરથી વિદ્યમાન હોવાને લીધે વ્યાકૃત ધર્મયુક્ત ન હોવાથી છે तद्धात्मानस्वयम-

कुरुत (તે પોતાના સ્વરૂપને રચે છે) તે પ્રકારના વાક્ય શેષથી તે પ્રમાણે સિદ્ધ થાય છે.

इद પદના તથા आसीत् પદના પ્રયોગથી પૂર્વે વિદ્યમાનત્વ સિદ્ધ થાય છે નિત્ય સમવાય સબંધ દ્વિનિષ્ઠ (કાર્ય કારણ બંનેમાં રહેલો) હોવાથી કાર્ય ના અભાવથી કારણનો અભાવ થયે તેની નિત્યતાની હાનિ થાય અસબધથી ઉત્પત્તિ થાય તો જગતના દ્રષ્ટાંતથી ઘટાદિ કાર્યોના પણ નિયતાવધિકત્વની (માટીની) હાનિ થાય.

વાદી–જે વસ્તુમા જેનો પ્રાગભાવ (પૂર્વમાં અભાવ) તે કાર્ય તે કારણ થકી ઉત્પન્ન થાય છે આવા નિયમથી નિયતાવધિકત્વનો (કારણ રૂપ માટીનો) ભંગ થતો નથી.

સિધાંતી–તે કહેવું યુક્ત નથી કારણાવસ્થાથકી ભિન્ન પ્રાગભાવ કહી શકાતો નથી.

કપાલાવસ્થા જોનારને પ્રતીતિ થાય છે કે આ કપાલને (પિંડ)વિષે ઘટ થશે તેથી કપાલાવસ્થા વ્યંજિત (લક્ષિત) ભિન્ન પ્રાગભાવને સ્વીકારવામાં ગૌરવ છે.

વળી ઉત્પત્તિની પૂર્વે કાર્યની વિદ્યમાનતા હોવાથી કર્તાના વ્યાપારનો બાધ આવે આવી શંકા પણ કરવી નહી કેમકે કાર્યને અભિવ્યક્ત કરવામાં કર્ત્તાનો વ્યાપાર સાર્થક છે વિંટેલા પટને પહોળો કરવામાં તે નિશ્ચય છે તેમજ અનુદ્ભૂત (ન પ્રકટ થયેલ) સત્તા અંગીકાર કરવાથી અદ્રશ્ય પ્રેતાદિ જનિત દુઃખની પેઠે સત્તાથી કાર્ય કરવાનો સંભવ થાય આમ પણ શંકા કરવી નહી કારણ કે યોગવડે પ્રાણાદિકના નિયમનથી જીવનમાત્રનું નિયમન થાય છે અને નિયમનનો ત્યાગ થયે આકુંચનાદિ (વાળવુ) કાર્ય છે તેથી અનુદ્ભૂત દશામાં અર્થ ક્રિયાકરણનો અભાવ અને ઉદ્ભુત દશામાં અર્થ ક્રિયાકારિત્વનો નિશ્ચય થાય છે તેમજ વૃક્ષના અનુદ્ભૂત રૂપ પુષ્પનો ગંધ દેખાતો નથી.

આ પ્રમાણે હોવાથી સત્કાર્યવાદ સિદ્ધ થયે સૃષ્ટિ પૂર્વ દશામાં પણ જગત જીવનુ વિદ્યમાનત્વ હોવાથી एकमेवाद्वितीयं ब्रह्म એ શ્રુતિમાં કહેલો અભેદ બ્રહ્મ થકી જગત્ જીવનો ભિન્નતાથી પ્રતીતિના અભાવમાં સમાપ્ત થઇ ભેદ સહનશીલ અભેદને સિદ્ધ કરે છે સૃષ્ટિ દશામાં જગત્ બ્રહ્મના કાર્ય કારણ ભાવથકી જીવ બ્રહ્મના અંશાંશી ભાવથકી થતો ઔપચારિક ભેદ વાસ્તવ અભેદને હણતો નથી તેથી સૃષ્ટિકાલમાં પણ ભેદનહિષ્ણુ અભેદ છે એ પ્રમાણે હોવાથી નાનાત્વને ભેદ દર્શનને વિષે ભેદ નિંદા પણ અભેદ વિરૂદ્ધ ભેદ દર્શનની છે यदा ह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुते એ શ્રુતિમાં कुरुते પદથી ક્રિયાથી આરંભ કરેલા ભેદની નિંદા છે. આરંભને સત્તાનું સત્તાને વિષે પર્યવસાન હોવાથી અભેદ વિરૂદ્ધ કરેલા ભેદનીજ નિંદા સંભવે છે અભેદથી (એટલે ઈશ્વરકૃતરૂપ ભેદની નિંદા નથી પણ સ્વક્રિયાભિમાન કલ્પિત વસ્તુ ભેદની નિંદા છે) અવિરૂદ્ધ ભેદ દર્શનમાં નિંદાનો લેશ પણ નથી

તેમ હોવાથી મુક્તિ દશામાં પણ यथोदकं शुद्धे शुद्धमासिक्तं तादृगेव भवति एवं मुनेर्विजानत आत्मा भवति गौतम । (હે ગૌતમ જેમ શુદ્ધ જળમાં શુદ્ધ જલ નાંખ્યું હોય તો એકરૂપ થાય છે તેમ જ જ્ઞાનવાન પુરૂષ દેહ નિવૃત્ત થયે બ્રહ્મ રૂપ થાય) એ શ્રુતિમાં પણ જીવનુ અને બ્રહ્મનું સમપણું શ્રવણ થાય છે તે પણ ભિન્નપ્રતિના અભાવરૂપ અભેદ છે પણ ભેદના અભાવરૂપ અભેદ નથી એમ સિદ્ધ થાય છે.

માટે મૈત્રેયી બ્રાહ્મણમાં यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं जिघ्रेत् ઇત્યાદિ શ્રુતિથી ઇતર વસ્તુનું અજ્ઞાન કહ્યું છે તે પણ દ્વૈત દૃષ્ટિની નિવૃત્તિમાં પર્યવસાન પામે છે પણ તે વાક્ય દ્વૈતનો અભાવ પ્રતિપાદન કરતું નથી આગળ છઠ્ઠા અધ્યાયના ત્રીજા બ્રાહ્મણમાં यद्वै तन्न पश्यति पश्यन्वै तन्न पश्यति न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यतेऽविनाशित्वान्न तु तद्द्वितीयमस्ति ततोऽन्यद्विभक्तं यत्पश्येत् એ શ્રુતિમાં જોનારને અન્યના અદર્શનમાં દ્વિતીયત્વનો અભાવ વિભાગનો અભાવ

અનત્વનો અભાવ હેતુપણાથી કહેલ છે તેથી પણ દ્વૈત દ્રષ્ટિની નિવૃત્તિ સિદ્ધ થાય છે આગળ यत्रवाअन्यदिवस्यात् એ શ્રુતિમા વલક્ષણ્યના કારણભૂત અન્ય દર્શનનો અનુવાદ કરીને પછી મૈત્રેયી બ્રાહ્મણમાં यत्रत्वस्यसर्वमात्मैवाभूत् એ શ્રુતિમાં પોતાના દ્રષ્ટાપણાના અવિભાગથી જ્ઞાનવડે तंकेनविजानीयात् તે વાકયથી જ્ઞાનકરણનો અભાવ કહ્યો છે તેથી તે પ્રમાણે જ નિશ્ચય થાય છે એમ ન હોય તો પૂર્વ બ્રાહ્મણને વિષે મૈત્રેયીનો મોહ નિવૃત્ત થયે બીજું બ્રાહ્મણ કહે નહી માટે તેમાં જે સદિગ્ધ અર્થ રહેલો તેના નિશ્ચયને માટે બીજું બ્રાહ્મણ કહેલું છે એટલે જો દ્વૈત અવિદ્યમાન હોય તો બીજુ બ્રાહ્મણ કહેવાનુ ન રહે દ્વૈત વિદ્યમાન હોય તોજ દ્વૈત દ્રષ્ટિ નિવૃત્ત કરવાને માટે બીજુ બ્રાહ્મણ કહેવું પડે એ પ્રકારે ભેદ દર્શનના અભાવરૂપ અભેદ છે પણ ભેદના અભાવરૂપ અભેદ નથી (વસ્તુભેદની દ્વૈતદર્શનના અભાવથી નિવૃત્તિ થાય છે રૂપભેદની થતી નથી એમ ન હોય તો જ્ઞાનિને ભોજનાદિ કાર્યમા પ્રવૃત્તિ સંભવે નહી.) માટે ભેદસહનશીલ અભેદ છે.

વાદી बहुस्यां શ્રુતિમાં સૃષ્ટિના આરંભમાં એકનુ બહુત્વ શ્રવણ થાય છે તેથી પૂર્વે જગત્ જીવનો અભાવજ શ્રુતિ સંમત છે કાર્યનું સર્વ સત્વ હોય તો इदंसर्वमसृजत् એ શ્રુતિનો વિરોધ આવે માટે સૃષ્ટિની પૂર્વે કાર્યનુ અસત્વ હોવાથી ભેદ વિરોધી અભેદ હોવો જોઈએ એ પ્રમાણે અર્ધવૈનાશિક મત સારો છે,

સિદ્ધાંતિ-તે કહેવું મંદ છે तद्धैकआ रसदेवेदमग्रआसीत् એ શ્રુતિથી અસત્કાર્યવાદનો અનુવાદ કરી कुतः खलुसौम्यैवंस्यात् એ શ્રુતિથી અસત્કાર્યવાદનો નિષેધ કરેલો છે તે શ્રુતિમાં કારણ સત્તાનો નિષેધ છે કાર્ય સત્તાનો નથી (પૂર્વ કારણ હતું કાર્ય નહોતું) कथमसतः सत्जायेत् એ શ્રુતિથી એમ નિશ્ચય થાય છે એમ કહેવું પણ યુક્ત નથી કેમકે પૂર્વે કાર્ય ન હોય તો तद्धेदंतर्ह्यव्याकृतमासीत्

એ શ્રુતિનો વિરોધ આવે કેમકે આ શ્રુતિમાં तर्हि પદથી સૃષ્ટિ નો પૂર્વકાલ બતાવી इदं શબ્દથી નિર્દેષ કરેલા જગતનુ અવ્યાકૃતત્વ તે કાલમાં કહ્યું છે અસત્ શ્રુતિમાં અભિપ્રેત હોય તો इदं શબ્દથી નિર્દેશ સ્વરૂપના અભાવે ન કરે ને અવ્યાકૃત પણ ન કહે માટે बहुस्यां શ્રુતિમાં અવ્યાકૃતનુ વ્યાકૃતત્વ બહુત્વ કહેવાય છે અસત્‌ની સત્તા કહી નથી સમજવું એટલે નામરૂપ પૃથક્કરણજ છે એમ ન હોય તો પૂર્વની પેઠે સૃષ્ટિ દશામા વ્યવહારનો અભાવ થાય એટલે નામરૂપ વ્યાકરણ (પૃથક્કરણ)ના અભાવે અવ્યાકૃતજ હોય.

એ પ્રકારે સર્વદા કાર્યનુ વિદ્યમાનત્વ સૃષ્ટિકાલની પેઠે સૃષ્ટિની પૂર્વે સિદ્ધ થવાથી પરાપરભાવઘટીતબ્રહ્મરૂપથી અવિરોધ અદ્વૈત શ્રુતિના અવિરોધને માટે છે પણ એટલો વિશેષ છે એ આ વખત અવિદ્યા વૃત અલ્પબુદ્ધિવડે તે પ્રતીત થતો નથી તે વખત તો કરણગ્રામના લયથી ભેદ દર્શન થતું નથી એ પ્રમાણે પરમ મુક્તિમા પરાપર ભાવ ઘટિતભેદસહિષ્ણુ અભેદ છે બ્રહ્મ સ્વરૂપજ તેવું છે માટેજ દશમ સ્કંધમાં જ્યારે ભગવાને વસુદેવને અખંડ બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરેલો છે ત્યારે વસુદેવનું કહેલું અંગીકાર કરી अहंयुयमचावार्य એ સંદર્ભથી સર્વનું બ્રહ્મત્વ કહી બ્રહ્માંડમાં અનંતત્વ અને આરોપિતજ્ઞાનદૃષ્ટિ નિવૃત્ત કરવા आत्माह्यक स्वयंज्योति એ વાકયવડે સર્વત્ર આત્માનું ઐકય અને નાનાત્વ દૃષ્ટિનું આપાધિકત્વથી ભ્રાંતત્વ નિરૂપણ કર્યું પછી खंवायुर्ज्योतिरापाभूस्तत्कृतेषुयथाशयम् आविस्तिराऽल्पभूर्येकोनानात्वं यात्यसावपि ॥ આકાશ વાયુ જળ અગ્નિ પૃથિવીથી થયેલા દેહમાં પ્રકટ તિરોહિત અલ્પ બહુ એ પ્રકારનું નાનાત્વ એક આત્મા પામે છે એ શ્લોકથી નાનાત્વનું વાસ્તત્વ ને ઉપાધીનું વ્યંઅત્વ કહ્યું છે એમ ન હોય તો શ્લોકમાં નાનાત્વ દૃષ્ટિનું ગુણોપાધિકત્વથી ભ્રાંતત્વ બોધિત થયે નાનાત્વ નિવૃત્ત થવાથી ફરીથી પંચમહાભૂતના દૃષ્ટાંતથી નાનાત્વ સ્થાપન ન કરે માટે અખંડ બ્રહ્મ-

વાદમાં પણ અંશાદિ નાનાત્વનુ વિદ્યમાનત્વ હોવાથી પરાપર ભાવાદિ ભેદ સહિષ્ણુજ અભેદ ભગવદભિમત છે.

કેમકે इदं सर्वं यद् ’માત્મા શ્રુતિથી સર્વનું બ્રહ્મત્વ બોધિત કર્યું સર્વનુ બ્રહ્મત્વ કેમ એમ આકાંક્ષા થાય ત્યાં દુંદુભ્યાદિ દ્રષ્ટાંતથી અવાંતર શબ્દ ગ્રહણ કર્યું છે અગ્નિ ધૂમદ્રષ્ટાંતથી બ્રહ્મથકી વેદાદિ સર્વની ઉત્પત્તિ કહી ને જેમ સર્વ જલનું સમુદ્ર એકાયન છે ઇત્યાદિ દૃષ્ટાંતોથી બ્રહ્મનુ સર્વાધારત્વ નિરૂપણ કર્યું સૃષ્ટિની અભાવ દશામાં સર્વનું એક રૂપ થાય તો એક દુંદુભી દૃષ્ટાંતથી સર્વની બ્રહ્મરૂપતા અને સમુદ્ર દ્રષ્ટાંતથી સર્વાધારતા સિદ્ધ થયે દુંદુભ્યાદિ અને સમુદ્રાદિ નાના દૃષ્ટાંતો ન કહે શ્રુતિ સૃષ્ટિની અભાવ દશામાં નાનાત્વ થકી અવિરૂદ્ધજ સ્વરૂપનું ઐકયબોધન કરે કરે છે અને સૈધવઘન દ્રષ્ટાંતથી સૃષ્ટિ દશામાં પણ એકત્વથી અવિરૂદ્ધ નાનાત્વ બોધન કરે છે એજ પ્રમાણે अरइदं महदद्भूतं ઇત્યાદિથી પ્રેત્યસંજ્ઞાના અભાવથી પૂર્વે સંજ્ઞાનનુંજ બોધન છે તે ભેદથી અવિરૂદ્ધ સંપદરૂપ જ્ઞાન અભેદનેજ બોધન કરે છે તે પૂર્વે પ્રતિપાદન કર્યું તેથી કોઇ પણ પ્રકારનો સંશય નથી તેમ હોવાથી બ્રહ્મના અંશ જીવમાં પણ બ્રહ્મનો વ્યપદેશ तद्गुणसारत्वात् સૂત્રથી ઔપચારિક છે તે મુક્તિમાં તુલ્ય છે. કેમકે પૂર્વે કહેલા સત્કાર્યવાદથી સિદ્ધ થયેલ ભેદ જતો નથી એ પ્રકારે પ્રલયદશામાં જડનું પણ સમજવું એ પ્રમાણે બ્રહ્મનું નિરંશત્વ છતાં પણ સાંશત્વ વિરૂદ્ધ ધર્માશ્રયત્વ થકી સંભવે છે જગતનું બ્રહ્મત્વ છતાં પણ કાર્યત્વ સિદ્ધ થાય છે.

શ્રી પુરૂષોત્તમજી રચિત ભેદાભેદ સ્વરૂપ નિર્ણય સમાપ્ત.

श्री कृष्ण.

પુષ્ટિમાર્ગીય ગ્રંથો.

---

૧ પુષ્ટિયમાર્ગીય સિદ્ધાંત, શુદ્ધાદ્વૈતના મૂળતત્વ ભાગ ૧ લો.
રચી પ્રસિદ્ધ કરનાર—**પટવારી રણછોડદાસ વૃંદાવનદાસ** બી. એ.
એલ. એલ.બી.દીવાન ગોંડલસ્ટેટ.

પૃષ્ટ સંખ્યા ૧૮૦. મૂલ્ય ૦–૮–૦.

જેમાં નીચેના વિષયોનો સમાવેશ થયેલો છે. પુષ્ટિ, તેનો અર્થ, શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે. શ્રીમદ્‌ભાગવત તંનું પ્રાચીન પણું, પરબ્રહ્મનું સ્વરૂપ, બાબુ બંકિમચંદ્ર અને કૃષ્ણચરિત્ર, જીવનું સ્વરૂપ, જગત્‌નું સ્વરૂપ, અને જગત્ અને સંસારનો ભેદ. ઉપરના વિષયોનું યુક્તિ અને વેદ, ઉપનિષદ્, સૂત્ર, ભાગવતાદિ ગ્રથોનાં પ્રમાણો સાથે સમર્થન કરવામાં આવ્યું છે.

૨ **શ્રી હરિરાયજી** કૃત **બ્રહ્મવાદ** આ ગ્રંથમાં ભક્તિમાર્ગ, તેનો અર્થ, બ્રહ્મનું સમવાયિ કારણપણું–પ્રપંચની ભગવત્ રૂપતા–જીવોનું અંશત્વ–ભજનની આવશ્યકતા–ભજન ભાવરૂપ હોવાથી ફલરૂપ છે. જીવો ભગવાનના સહજ અંશ છે. લીલાની નિત્યતા દૈવી અને આસુર તેનો અર્થ દૈવીજીવને ભગવત્ પ્રાપ્તિ–આસુરીને તેનો અભાવ–મુક્તિ સમયે ભગવત હૃદય વિષે ભક્તની સ્થિતિ ઈત્યાદી વિષયોનું સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે.

મૂળ સંસ્કૃત તથા ટીકા. મૂ૦ રૂ. ૦–૨–૬.
ગુજરાતી ભાષાંતર ટીકા સાથે. મૂ૦ રૂ. ૦–૨–૬.

૩ **શ્રીમદ્ વલ્લભાચાર્યજી** કૃત **પત્રાવલંબન** મૂલ તથા ગોસ્વામિ શ્રી પુરૂષોત્તમજી કૃત સંસ્કૃત ટીકા અને વે. શા.સં. શાસ્ત્રી મોહનલાલ કાશીરામના હાથથી લખાયેલી શુદ્ધ ગુજરાતી સરળ અને વિસ્તારવાળી ટીકા સાથે. -ન્યોછાવર ૦–૫–૦.

આ ગ્રંથરૂપે એક પત્ર ભાષ્ય મતના પંડિતો તથા માયાવાદીઓ (ઉત્તરકાંડના એકદેશીઓ) ની સાથે વિવાદ થતાં, શ્રીમદ્ વલ્લભા-ચાર્યે મીમાંસાદ્વયના સંક્ષેપરૂપે કાશીમાં શ્રીવિશ્વેશ્વરના દ્વાર ઉપર ચોડાવ્યો હતો. આમાં બન્ને મીમાંસાનું રહસ્ય સંક્ષેપરૂપે છે.—

અન્ય ભક્તિ માર્ગીય ગ્રંથ.

શ્રીરાધાકૃષ્ણ તત્ત્વ (બંગાળી ઉપરથી ભાષાંતર) આ ગ્રંથ પુષ્ટિમાર્ગીય નથી, પણ ભક્તિવિષયક ગ્રંથ હોઈ જીજ્ઞાસુને વાંચી મનન કરવા લાયક છે. આ ગ્રંથ ચાર અધ્યાયમાં વ્હેંચવામાં આવ્યો છે, અને તેમાં ૫૯ વિષયો ચર્ચવામાં આવ્યા છે. સેશ્વર અને નિરીશ્વર સાંખ્ય—પ્રકૃતિ, પુરૂષ, ઇશ્વર, શ્રીકૃષ્ણનો અવતાર તેમનું ઇશ્વરપણું, શ્રીરાધા, તેનો શ્રીકૃષ્ણ સાથેનો સંબંધ–શ્રીકૃષ્ણની લીલાઓ–રાસના અધ્યાયનો પ્રથમ શ્લોક–રાસક્રીડા અને શ્રીકૃષ્ણ કથા ઈત્યાદી વિષયોનું પ્રમાણ સહિત વિવેચન કરવામાં આવ્યું છે. રોયલ ૧૬ પેજી લગભગ ચારસો પાનાનો ગ્રંથ પાકું પુંઠું. મૂલ્ય રૂ. ૧–૪–૦

મળવાનાં ઠેકાણાં—

૧ પંડીત જ્યેષ્ઠારામ મુકુંદજી. કાલબાદેવી રોડ મુંબાઈ.
૨ એન. એમ. ત્રિપાઠીની કંપની કાલબાદેવીરોડ મુંબાઈ.
૩ પટવારી પરમાનંદદાસ રણછોડદાસ. પાલણપુર (ગુજરાત)
૪ ત્રીભોવનદાસ પીતાંબરદાસશાહ. નડીઆદ.
૫ પટવારી બાલુભાઇ ગોરધનદાસ. રાજકોટ.
૬ સી. એમ. મથરૂવાળા અને કંપની. અમદાવાદ.
૭ બાળદેવદાસ કૃષ્ણદાસ કીર્તનીયા. ભુલેશ્વર ગિરધરલાલજીનું મંદીર મુંબાઇ.

વૈષ્ણવો!! અવશ્ય વાંચો.

જાહેર ખબર.

શ્રીવલ્લભીય ગ્રંથપ્રકાશક ફંડ.

પુષ્ટિ (નિર્ગુણ ભક્તિ) માર્ગ સંબંધી શ્રીમદ્વલ્લભાચાર્ય કૃત ગ્રંથો મૂળ તેમજ ગુજરાતી ભાષાંતર સહિત તેમજ શ્રીમદ્વલ્લભાચાર્યના વંશજ શ્રીગુસાંઈજી તથા બીજા બાળકોના અપ્રસિદ્ધ ગ્રંથો છપાવી બહાર પાડવાના ઉદ્દેશથી ઉપરના ફંડની સ્થાપના કરવામાં આવી છે.

હાલમાં પ્રથમ શ્રી વલ્લભાચાર્યજીના ૧૬ ગ્રંથ કે જે ષોડશ ગ્રંથને નામે ઓળખાય છે તે તથા શ્રી ગુસાંઈજી કૃત ભક્તિહંસ તથા શ્રીપુરૂષોત્તમજી કૃત ઉપદેશશંકાનિરાસવાદ તથા શ્રીહરિરાયજીકૃત દુઃસંગવિજ્ઞાન એ રીતે ૧૯ ગ્રંથો પ્રાચીન સંસ્કૃત ટીકાઓના આશય લઈ ગુજરાતી ટીકા સાથે છપાવવાનું નક્કી કરીને તે ગ્રંથો છપાવવા માંડયા છે.

સદર ૧૯ ગ્રંથો અગાઉથી ગ્રાહક તરીકે દાખલ થઈ ઓછામાં ઓછા રૂ. ૪) ભરનારને જેમ જેમ છપાય છે તેમ મોકલવામાં આવે છે.

અત્યાર સુધીમાં ઉપર બતાવેલા ૧૯ ગ્રંથો પૈકી સન્યાસનિર્ણય, ભક્તિહંસ, જલભેદ, પંચપદ્યાનિ, પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, દુઃસંગ વિજ્ઞાન પ્રકાર, ઉપદેશશંકા નિરાસવાદ, ભક્તિવર્ધિની, સિદ્ધાન્તમુક્તાવલી, બાલબોધ, યમુનાષ્ટક, અંતઃકરણપ્રબોધ, સિદ્ધાન્તરહસ્ય વિવેકધૈર્યાશ્રય, એ રીતે ચૌદ ગ્રંથો બહાર પડી ચુક્યા. અને બાકીના અનુક્રમે ઇશ્વરેચ્છા અનુસાર જલદી થઈ બહાર પડશે.

ઉપરના ફંડમાં ઉપર બતાવેલી રકમ ઉપરાંત વધુ રકમની મ[illegible] કરશો તો તેથી સ્વાર્થ સાથે પરમાર્થ પણ સાધી શકાશે કે જેમ વધુ મદદ મળતી જશે તેમ અમે ઉપરના ગ્રંથોનો ખ[illegible] લાભ લેનારને માટે થોડું ન્યોછાવર રાખવાની ગોઠવણ કરી શકી તેમજ ઉપરના ગ્રંથોનું ખરચ કાઢતાં કાંઈ બચત રહેશે તો તેમાંથી બીજા ગ્રંથો છપાવી ગ્રાહકોને મફત અને અન્ય વૈષ્ણવે સસ્તી કીંમતે આપવા શક્તિમાન થઈશું.

આ સઘળી હકીકત નિવેદન કરી વૈષ્ણવ બંધુઓને વિન[illegible] કરીએ છીએ કે સદરહુ ફંડને પોતાનાથી બનતી મદદ કરી અલભ્ય જ્ઞાન પ્રાપ્ત કરાવનાર ગ્રંથોના લાભરૂપી સ્વાર્થ સાથ[illegible] પરમાર્થ સાધશો અને જે વધુ મદદ કરવા શક્તિમાન ન હોય તેઓ ગ્રાહક તરીકે નોંધાઈને પુસ્તકોનો લાભ લેવાને પણ ચુકશો નહિ.

નડીઆદ
[illegible]
[illegible]

ત્રિભોવનદાસ પીતાંબરદાસ શાહ.
શ્રીવલ્લભીયગ્રંથપ્રકાશક ફંડના વ્યવસ્થાપક